**G.P.V)-1132-2000000-11-2014-A** **Civ.A27g**
**C.Cirs.Civil.P. 13,14,CIRCULAR**
**{NO.30 Edition 1903}** પાના નંબર

તરફની સાહેદી નંબર રે.મુ.નં – ૮૨/૨૦૦૯

હું આ ઉપરની પ્રતિજ્ઞા કરું છું કે –

મારુનામ – વીપુલકુમાર પીતાનું નામ–કનુભાઈ શાહ
ધર્મ –હીન્દુ
ઉ.વ – ૫૦ ધંધો–નોકરી – સ્ટેનોગ્રાફર
રહેવાનું ગામ– વડોદરા જીલ્લો–વડોદરા
સોંગદ આપ્યા– વાદીના વકીલ શ્રી જે.વાય.પઠાણ

અમો તારીખ – ૩૦/૧૨/૨૦૦૯ ના રોજ અમો ડભોઈ સીવીલ કોર્ટ ખાતે ફરજ બજાવતા હતા અને તે દરમ્યાન અમો કોર્ટ કમીશ્નર તરીકેની કામગીરી પણ કરતા હતા. ચાણોદ માંડવા ટ્રસ્ટ ની ખુલ્લી જગ્યા ની સ્થળ સ્થિતીનું પં ચકયાસ કરવા માટે નીમણુંક થયેલી.મને આંક – ૯ બતાવવામાં આવે છે તે કમીશન પત્રમાં નીશાની ૬ લગત હુકમ થયા પ્રમાણે પક્ષકારો તથા પં ચોની હાજરીમાં દાવા વાળી તકરારી જગ્યાનું પંચકયાસ કરી તે અંગેનો રીર્પોટ તા. ૩૦/૧૨/૨૦૦૯ અગર તે પહેલા રજુ કરવો અને તે મારા નામ જોગ છે. આ કમીશન પત્ર મળ્યા બાદ અમોએ પક્ષકારોને નોટીસો બજાવેલી.

મને કોર્ટ ના રેકર્ડમાંથી વાદી અને પ્રતીવાદીઓને મુદત તારીખ – ૩૦/૧ ૨/૨૦૦૯ ના રોજ સવારે – ૮–૦૦ એ ચાણોદ ,માંડવા મસ્જીદ ટ્રસ્ટ વાળી તકરારી જગ્યાએ હાજર રહેવા માટે તા. ૨૯/૧૨/૨૦૦૯ ના રોજ પંચકયાસ નોટીસ ઈસ્યુ કરેલી. જે તમામ નોટીસો બજી ગયેલ છે જેને રજુ દાખલ આંક ......... તથા આંક .........

તા.૩૦/૧૨/૨૦૦૯ ના રોજ અમો સવારે ૮–૦૦ કલાકે તકરારી જગ્યા પર હાજર રહેલ અને સ્થળ પર વાદીઓ ,પ્રતીવાદીઓ અને પંચો હાજર હતા.અને મે ચાણોદ માંડવા ટ્રસ્ટ ની સર્વે નં – ૭૬૧/૪ વાળી ખુલ્લી જગ્યાની

ચતુસીમા વાળું પંચનામુ કરેલું.પંચનામુ મે પક્ષકારો અને પંચો ના લખાવ્યા મુજબ ખાત્રી કરીને અમોએ લખેલુ. મને માર્ક – ૯/૧ બતાવવામાં આવે છે તે જોઈને કહું છું કે તેમાં ઉતર બાજુ કુમાર શાળા આવેલી છે.દક્ષીણ બાજુ મસ્જીદનું મકાન આવેલ છે. પૂર્વ તરફ કોતર આવેલ છે. પશ્ચીમ તરફે રેલ્વે સ્ટેશન થી નર્મદા નદી તરફ જવાનો રાજમાર્ગ આવેલ છે અને ખુલ્લી જગ્યાનો જે પંચકયાસ કરેલ તેમાં માપ લેતા પૂર્વ તરફના ભાગે ઉતર – દક્ષીણ ૨૮ ફૂટ તથા દક્ષીણ તરફના ભાગે પૂર્વ – પશ્ચીમ ૧ ૦૦ ફૂટ આવેલ છે અને ૧૦૦ ફૂટ બાદ આશરે ૧૫ ફૂટ જેટલું ધોવાણ થયેલ છે. સદર જગ્યાની પશ્ચીમ તરફના ભાગે પૂર્વ – પશ્ચીમ ૨૮ ફૂટ તથા ઉતર – દક્ષીણ ૧ ૮ ફૂટનો એક સેડ બનાવેલ છે જેમાં પ્રવેશવા માટે પાટીયા ના દરવાજા મુકેલા છે. અને તે પ્રવેશતાનું માપ ઉતર – દક્ષીણ ૧૫ ફૂટ થાય છે. સેડમાં છતના ભાગે તથા ચારેય તરફ પતરા મારી બોર્ડર કરવામાં આવેલ છે. જેને રજુ દાખલ આંક .......... આપવામાં આવે છે. સદર જગ્યાની પૂર્વ તરફ પંચનામાની વીગત મુજબ કોઈપણ જાતનું બાંધકામ કરેલ નથી. આ પંચકયાસ વખતે કોઈ અણબનાવ કે વીરોધ થયેલ ન હતો. પંચકયાસ સવારના ૮–૦૦ કલાકે શરુ કરી કલાક – ૯–૩૦ એ પુર્ણ કરેલું. પંચકયાસ પુર્ણ કર્યા બાદ હાજર પક્ષકારોની અમોએ સહીઓ લીધેલી અને રુબરુમાં અમોએ સહી કરેલી. અમોએ સ્થળ સ્થિતીનો નકશો તૈયાર કરેલો અને તે મે ખાત્રી કરીને તૈયાર કરેલ તેમાં મારી સહી છે જેને રજુ દાખલ આંક .......... આપવામાં આવે છે.

**<u>ઉલટ – તપાસ પ્રતીવાદી ના વકીલ શ્રી ડી.સી.જોષી</u>**

હું છેલ્લા ૨૫ વર્ષ થી કોર્ટમાં નોકરી કરુ છું. ડભોઈ કોર્ટમાં ૧૧ વર્ષ નોકરી કરેલી. કોર્ટ કમીશ્નર તરીકે મારી સ્થળ સ્થિતી પંચકયાસ કરવા માટે ૫ થી ૬ વાર નીમણુંક થયેલી.એ વાત ખરી છે કે ૫ થી ૬ વાર પંચકયાસ કરવા ગયેલા તે વખતે સ્થળ પર પક્ષકારો તથા પંચો હાજર હોય . એ વાત ખરી છે કે પંચો અને પક્ષકારો સ્થળ સ્થિતીનું વર્ણન કરે તે રીતે અમો પંચકયાસ લખીએ. ચાણોદ માંડવા ખાતે ના પં

ચકયાસ કરેલ તે વખતે કયાં કયાં પક્ષકારો હાજર હતા **<u>તેવા સવાલના જવાબમાં જણાવુ છું કે</u>** નોટીસો કરેલ તે હાજર હતા હાલ નામ યાદ નથી. એ વાત ખરી નથી કે અમોએ જે પંચકયાસ કરેલ તેમાં પ્રતીવાદી કે તેના પંચોની સહી લીધેલ નહી. એ વાત ખરી છે કે પંચકયાસમાં પ્રતીવાદી નં ૧,૨,૩,૪ ની સહીઓ કે પ્રતીવાદીના પં ચોની સહી નથી.એ વાત ખરી છે કે પંચકયાસ કરેલ ત્યારે સ્થળ પર ખુલ્લી જગ્યા હતી.એ વાત ખરી છે કે પંચકયાસ કરેલ તે વખતે પ્રતીવાદી નં ૧ ,૨,૩,૪ કે તેમના પંચો પંચકયાસ સમય દરમ્યાન સ્થળ પર હાજર ન હતા.એ વાત ખરી નથી કે પક્ષકારો હાજર ન હોય તેથી એક તરફી પંચકયાસ કહેવાય. એ વાત ખરી નથી કે પં ચકયાસ પ્રતીવાદીઓ અને તેમના પંચો સ્થળ પર આવતા શરુ કરી દીધેલ. એ વાત ખરી છે કે પંચકયાસ શરુ કર્યા બાદ તેના અડધો કલાક બાદ જીલ્લા વીકાસ અધીકારી ની કચેરીમાંથી સર્કલ ઈન્સપેકટર આવેલા અને તે મતલબનો શેરો મે મારા પંચકયાસ માં મારેલો છે. એ વાત ખરી નથી કે પંચકયાસ કરીને બહાર આવતા પ્ર તીવાદીઓએ મને મારી ઓળખ પુછેલ . સાહેદ જણાવે છે કે મને કોઈ મળેલ નહી. એ વાત ખરી નથી કે પ્રતીવાદીઓએ ફરીથી પંચકયાસ કરવાનું જણાવતા અમોએ જણાવેલ કે આ અંગે તમારે કોર્ટમાં જે કહેવું હોય તે કહેજો.

સવાલ – પ્રતીવાદીઓ કે તેમના પંચોની સહી કેમ નહી લીધેલ ?

જવાબ – તેઓ હાજર ન હતા.

એ વાતની મને ખબર નથી કે પંચકયાસ સામે પ્રતીવાદીઓએ કોર્ટમાં વાંધા આપેલા કે કેમ. એ વાતની મને ખબર નથી કે સદર મારો પંચકયાસ કોર્ટ એ રદ કરેલ કે કેમ. એ વાત ખરી નથી કે તથસ્ટ રીતે પંચકયાસ કરેલ નહી.

**<u>ઉલટ – તપાસ પુરી. ફડેર તપાસ નથી.</u>**

**<u>સાહેદની જુબાની વાંચી સંભળાવતા તે ખરી હોવાનું કબુલ રાખેછે.</u>**

Addi.Sr.CivilJudge,Dabhoi

।

ડભોઈ .તા.૧૯/૦૯/૨૪ અમારા રુબરુ

(કે.એસ.ખન્ના )
અધિક સિનીયર સિવીલ જજ,
ડભોઈ